# વલસાડની માધ્યમિક શાળાઓના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનો વ્યવસાયિક રસ

ડૉ. મેહાલી આર.દેસાઈ
આસી. પ્રોફેસર
શ્રી શંકર બી. એડ્. કૉલેજ, મણુંદ

## ૧. પ્રસ્તાવના

ભારત એક લોકશાહી દેશ છે. તેમાં અલગ-અલગ ધર્મ, જ્ઞાતિ, જાતિ ધરાવાતા લોકો વસેલા છે. જેમાં બધા ભેદભાવો ભૂલી ભારતના દરેક નાગરિકને સમાન અધિકારો આપવામાં આવ્યા છે. સમાજનો મોટો ભાગ ગામડાઓમાં તેમજ અંતરિયાળ વિસ્તારમાં વસે છે. આ ભાગના લોકોના વિકાસ માટેના પ્રયત્નો છેલ્લા પાંચ દાયકાથી કરવામાં આવી રહયા છે. અંતરિયાળ વિસ્તાર અને ગામડાઓમાં મોટા ભાગની પ્રજા આદિવાસી છે. જેઓના શિક્ષણ અને ઉન્નતિ માટે સંવિધાનમાં અનેક જોગવાઈઓ કરવામાં આવેલી છે. જેના અમલીરણ માટે સરકારશ્રીએ પંચવર્ષીય યોજનામાં સમાજ કલ્યાણક્ષેત્તે વિભિન્ન કાર્યક્રમો હાથ ધારવામાં આવી રહ્યાં છે. બંધારણની વિવિધ કલમોમાં પછાત રહી ગયેલ વર્ગોના ઉત્કર્ષ માટે, તેઓના સર્વાંગી વિકાસ માટે પ્રોત્સાહન આપવા માટે તેઓમાં જાગૃતિ લાવી સમાનતાનો આદર્શ સિદ્ધ કરવા માટેની જોગવાઇ કરેલી છે. ભારત સરકાર દ્વારા આદિવાસી પ્રજાના વિકાસને લક્ષમાં રાખીને તેઓના માટે નિઃશલ્ક શિક્ષણ આપવામાં આવ્યું છે. આની સાથે સાથે આશ્રમશાળાઓ, અન્ય પ્રાથમિક શાળાઓ અને પછાત વર્ગનાં વિકાસ માટે છાત્રાલયો જેવી સગવડો વિક્સાવવાના પ્રયત્ન પણ સરકાર દ્વારા થયા છે. આ બધાને પરિણામે આદિવાસી પ્રાના સંતાનોને શિક્ષણ તરકે અભિમુખ કરવાના સારા પ્રયત્નો થયા છે.

આદિવાસી લોકો મોટે ભાગે અંતરિયાળ વિસ્તારના ગામડાઓમાં રહે છે. તેઓ મોટા ભાગે ખેતીના વ્યવસાય સાથે જોડાયેલાં છે. ઘણા લોકો અક્ષર જ્ઞાન પણ ધરાવતા ન હોવાને કારણે તેઓ પોતાનાં સંતાનોને માટે ક્યો વ્યવસાય પસંદ કરવો એની પણ જાણકારી આપી શકાતા નથી. એમનાં સંતાનોમાં પણ અલગ-અલગ વ્યવસાયમાં જોડાવાની શક્તિ હોવા છતાં તેમેન પૂરતું માર્ગદર્શન ન મળવાને કારણે તેઓ યોગ્ય વ્યવસાયની પસંદગી કરી શકતા નથી. આથી તેમના વ્યાવસાયિક રસો જાણવા અનિવાર્ય બની રહે છે. આદિવાસી સમાજના લોકો મોટા ભાગે ખેતી અને પશુપાલનના વ્યવસાય પર નિર્ભર હોય છે. આથી માત્ર ખેતી અને પશુપાલન પર નિર્ભર એવાં ઘણાં કુટુંબો પોતાના બાળકને આર્થિક સહાય પણ પૂરી પાડી શકતા નથી. આવા કુટુંબના બાળકને ઉચ્ચ અભ્યાસની ઈચ્છા હોવા છતાં પણ આર્થિક પ્રશ્નને કારણે તેઓ આગળ ભણી શકતા નથી. ઘણા વિદ્યાર્થીઓના વાલીઓ નિરક્ષર હોવાને કારણે યોગ્ય વ્યાવસાયિક માર્ગદર્શન આપી શકતા નથી. આવા સંજોગોમાં વિદ્યાર્થીના વ્યાવસાયિક રસો જાણી તેઓને યોગ્ય માર્ગદર્શન આપી શકાય છે.

વર્તમાન સમયમાં અંતરિયાળ ગામડામાં રહેલા આદિવાસી લોકો અન્ય સમાજના લોકો સાથે તાલ મિલાવવા લાગ્યા છે. માટે વર્તમાન સમયમાં તેઓ કેવા વ્યવસાય સાધી શકે છે, તે પણ વિચારવા જેવું છે. વ્યવસાયમાં પ્રભાવિત કરનાર એક પરિબળ વ્યાવસાયિક માર્ગદર્શન છે. જયારે આદિવાસી પ્રજાનું સંતાન શાળામાં પ્રવેશ કરે છે અને ભાવિ નિર્માણ અંગેનો જંગ ખેલે છે ત્યારે તેમની શાળામાંની વ્યાવસાયિક સિદ્ધિને શ્રેષ્ઠતા તરફ લઇ જઇ શકાય છે. હાલના તબક્કામાં તેઓ અન્ય સમાજના લોકોના સંપર્કમાં આવવાથી તેઓ પણ વિવિધ પ્રકારના રસ દાખવતા થયા છે. શાળામાં અભ્યાસ કરતાં

વિદ્યાર્થીઓ પણ વિવિધ પ્રકારનાં વ્યવસાયમાં જોડાવા માટે વિચારતા થયા છે. આદિવાસી સમાજના લોકોના આર્થિક ઉપાર્જનનો હેતુ મોટા ભાગે પશુપાલન અને ખેતી દ્વારા જ સિદ્ધ થાય છે. ખેતી અને પશુપાલનમાં રચ્યા પચ્યા રહેતાં એવા લોકોને વર્તમાન પ્રવાહો અંગેની પુરતી જાણકારી પણ હોતી નથી, ઉપરાંત તેઓના સંતાનને યોગ્ય વ્યવસાયમાં પ્રવેશ ન મળવાથી તેઓ યોગ્ય સિદ્ધિ પ્રાપ્ત કરી શક્તા નથી, આથી વ્યવસાય પ્રત્યેની અભિલાષા તેના વ્યાવસાયિક રસો સાથેના સમાયોજનથી જ ઘડાય છે. આથી જ આ સમાજના વિદ્યાર્થીઓ કેવા પ્રકારના વ્યાવસાયિક રસ દાખવે છે તે જાણવું અને વિચારવું પણ અગત્યનું થઈ પડશે અને તે અનુસાર તેઓને જરૂરી માર્ગદર્શન અને સલાહ સૂચન પણ આપી શકાય છે. આમ, સંશોધકે આ પૂર્વ વિચારણાઓને નજર સમક્ષ રાખી સંશોધન હાથ ધરવાની તક મળતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની વ્યાવસાયિક અભિરુચિઓને જાણવા માટેનો ઉપક્રમ પ્રસ્તુત સંશોધન અંતર્ગત રાખેલ છે.

## ૨. ચાવીરૂપ શબ્દોની પરિભાષા

### *૨.૧ માધ્યમિક શાળા*

ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ અધિનિયમોની નવીન તરાહ અનુસાર ધોરણ ૯ અને ૧૦ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા માટે જેને મંજૂરી આપવામાં આવી હોય તે શાળાને માધ્યમિક શાળા તરીકે ઓળખવામાં આવે છે.

### *૨.૨ અનુસૂચિત જનજાતિ*

"આદિવાસી પ્રાદેશિક જૂથ છે, જે પ્રદેશ, ભાષા સામાજિક નિયમો અને આર્થિક પ્રવૃત્તિમાં સમાનતા ધરાવે છે.

ભારતીય બંધારણ પ્રમાણે દેશ અને રાજયકક્ષાએ અનુક્રમે રાષ્ટ્રપતિ અને રાજયોમાં રાજયપાલશ્રીએ મસલત કર્યા પછી જે જ્ઞાતિઓ, જાતિઓ પ્રમાણે અનુસૂચિત જનજાતિમાં સમાવેશ કરેલો છે, એવા લોકોને અનુસૂચિત જનજાતિના ગણવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસના સંદર્ભમાં અનુસૂચિત જનજાતિ એટલે વલસાડ જિલ્લામાં વસવાટ કરતાં અને જીવનનિર્વાહ કરતા કોંકણી, વારલી, ભીલ વગેરે જ્ઞાતિના લોકો.

### *૨.૩ વ્યાવસાયિક રસ*

વ્યક્તિના વર્તન, વ્યવહાર અને પ્રવૃત્તિઓમાં તેની સહભાગિતાના આધારે રસનાં ક્ષેત્રો શોધી શકાય છે.

પ્રસ્તુત અભ્યાસના સંદર્ભમાં વ્યાવસાયિક રસ એટલે વ્યક્તિને જે વ્યવસાયમાં જોડાવા માટે રસ છે તેમજ તે અંગેના કાર્યોમાં તે તત્પરતાથી ભાગ લે છે અને આ વ્યવસાય સંબંધી ચર્ચા કરવામાં ઉત્કંઠા દર્શાવે છે.

## ૩. અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસને યોગ્ય દિશા આપવા આ મુજબ હતુઓ નક્કી કરવામાં આવ્યા હતા .

૧. વિદ્યાર્થીઓના વ્યાવસાયિક અભિરૂચિ સંશોધિનીના વિવિધ વ્યવસાયો પર જાતિની અસર તપાસવી.
૨. વિદ્યાર્થીઓના વ્યાવસાયિક અભિરૂચિ સંશોધિનીના વિવિધ વ્યવસાયો પર વિસ્તારની અસર તપાસવી.
૩. ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના વ્યાવસાયિક અભિરૂચિ સંશોધિનીના વિવિધ વ્યવસાયો પરની અસર તપાસવી.
૪. શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના વ્યાવસાયિક અભિરૂચિ સંશોધિનીના વિવિધ વ્યવસાયો પરની અસર તપાસવી.

### ૪. અભ્યાસમાં સમાવિષ્ટ ચલો

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબ ચલોનો સમાવે કરવામાં આવ્યો હતો.

**સારણી : ૧ ચલની વિગત દર્શાવતી સારણી**

| અનુ. | ચલ | ચલનો પ્રકાર | કક્ષા | કક્ષાના નામ |
|---|---|---|---|---|
| ૧ | જાતિ | સ્વતંત્ર ચલ | ૨ | છોકરા<br>છોકરી |
| ૨ | વિસ્તાર | સ્વતંત્ર ચલ | ૨ | ગ્રામ્ય<br>શહેરી |

### ૫. ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત અભ્યાસના હતુઓના સંદર્ભમાં નીચેના જેવી શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી..

$Ho_1$ વલસાડ જિલ્લાની માધ્યમિક શાળાઓના છોકરાઓ અને છોકરીઓના વ્યાવસાયિક અભિરૂચિ સંશોધિનીના વિવિધ વ્યવસાયો પરના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$ વલસાડ જિલ્લાની માધ્યમિક શાળાઓના ગ્રામ્ય વિસ્તારના અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના વ્યાવસાયિક અભિરૂચિ સંશોધિનીના વિવિધ વ્યવસાયો પરના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

### ૬. સંશોધનનું ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધનનાં બે ક્ષેત્રો આ મુજબ છે. ૧. મનોવૈજ્ઞાનિક ક્ષેત્ર અને ૨. માધ્યમિક શિક્ષણ વિભાગ.

### ૭. સંશોધનનું ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસક માહિતી એકીકરણના ઉપકરણ તરીકે વ્યાવસાયિક અભિરૂચિ સંશોધનિકાનો ઉપયોગ કર્યો હતો. આ સંશોધનિકા સુરેખાબેન અમીન રચિત છે. આ સંશોધનિકામાં કુલ ૧૨૦ વિધાનો છે. જેનું વિવિધ ક્ષેત્રોમાં વિભાજન કરવામાં આવેલ છે. તથા પ્રત્યેક ક્ષેત્રમાં ૧૨ વિધાનો સમાવવામાં આવ્યા છે. તેનું ગુણાંકન સંશોધનિકા રચિયતાએ આપેલ ગુણાંકન યોજના આધારે કરવામાં આવ્યું હતું.

### ૮. અભ્યાસનું મહત્ત્વ

પ્રસ્તુત અભ્યાસને કારણે..

૧. અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના વ્યાવસાયિક રસોની જાણકારી મેળવી શકાશે. વિદ્યાર્થીઓના વ્યાવસાયિક રસ વિષે વિવિધ પાસાંઓની જાણકારી મેળવી શકાશે. ના આધારે તેઓને યોગ્ય માર્ગદર્શન આપવા માટે માળખું રચવામાં મદદરૂપ બની શકાશે.
૨. વિવિધ માધ્યમોના સહયોગથી તેઓ પોતાના રસને અનુકૂળ વ્યવસાય પસંદ કરી શકે તે માટેની તકો સર્જી શકાશે.
૩. વિદ્યાર્થીઓના વ્યવસાયિક પસંદગી સંબંધિત સમસ્યાઓથી શિક્ષકો, આચાર્ય અને વ્યાવસ્થાપકોને માહિતગાર કરી શકાશે.
૪. સમસ્યા અનુભવતા વિદ્યાર્થીઓને યોગ્ય વ્યાવસાય પસંદગી અંગે માર્ગદર્શન આપી શકાશે.

### ૯. અભ્યાસની મર્યાદાઓ

૧. પ્રસ્તુત સંશોધનમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન વલસાડની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૯ અને ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવેલ છે.
૨. પ્રસ્તુત સંશોધનમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવેલ છે.

૩. પ્રસ્તુત સંશોધનમાં સુરેખાબેન અમીન દ્વારા રચિત તૈયાર ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેથી તે ઉપકરણની રચનામાં કોઇ મર્યાદા હોય તો તે પ્રસ્તુત સંશોધનની પણ મર્યાદા બની શકે.

## ૧૦. ઉત્કલ્પનાની ચકાસણી તથા માહિતી પૃથક્કરણ અને અર્થઘટન

અભ્યાસકે જાતિ અને વિસ્તારના સંદર્ભમાં વિદ્યાર્થીઓના વ્યાવસાયિક રસો તપાસવા માટે ઉત્કલ્પનાઓની રચના કરી હતી. આ બંને ઉત્કલ્પનાઓની ચકાસણી માટે વિદ્યાર્થીઓના વ્યાવસાયિક અભિરૂચિ સંશોધિનીના વિવિધ વ્યવસાયો પરના પ્રાપ્તાંકોનું સરાસરી, પ્રમાણવિચલન પ્રમાણભૂલ અને ક્રાંતિક ગુણોતરની ગણતરી કરવામાં આવી હતી જેની માહિતી સારણી ૧ અને ૨માં દર્શાવેલ છે.

**સારણી ૧: જાતિના સંદર્ભમાં વિદ્યાર્થીઓનાં વ્યાવસાયિક અભિરૂચિ સંશોધિનીના વિવિધ વ્યવસાયો પરના પ્રાપ્તાંકોનાં સરાસરી, પ્રમાણ વિચલન, પ્રમાણભૂલ અને ક્રાંતિક ગુણોતરની માહિતી**

| ક્રમ | ક્ષેત્ર | છોકરાઓ | | છોકરીઓ | | સરાસરીનો તફાવત | પ્રમાણભૂલ | ક્રાંતિક ગુણોતર | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરાસરી વિચલન | પ્રમાણ વિચલન | સરાસરી વિચલન | પ્રમાણ વિચલન | | | | |
| ૧ | ખુલ્લી જગ્યા | ૩૫.૨૩ | ૬.૨૨ | ૩૫.૧૩ | ૫.૮૨ | ૦.૧ | ૦.૬૪ | ૦.૧૬ | સાર્થક નથી. |
| ૨ | યાંત્રિક ધંધા | ૩૩.૭ | ૬.૬૮ | ૩૫.૨૧ | ૫.૯૨ | ૧.૫૧ | ૦.૬૭ | ૨.૨૪ | ૦.૦૫ |
| ૩ | ગણતરીવાળા ધંધા | ૩૪.૩૧ | ૬.૦૯ | ૩૫.૭૭ | ૫.૩૮ | ૧.૪૬ | ૦.૬૧ | ૨.૩૮ | ૦.૦૫ |
| ૪ | વૈજ્ઞાનિક ધંધા | ૩૪.૭૬ | ૬.૨૭ | ૩૫.૩૬ | ૫.૮૧ | ૦.૬ | ૦.૬૫ | ૦.૯૩ | સાર્થક નથી. |
| ૫ | સમજાવટ કરવાના ધંધા | ૩૪.૦૭ | ૫.૮ | ૩૫.૪૭ | ૫.૪ | ૧.૪ | ૦.૬ | ૨.૩૪ | ૦.૦૫ |
| ૬ | કલામત્મક ધંધા | ૩૩.૯૧ | ૫.૬૬ | ૩૫.૩૮ | ૫.૨૯ | ૧.૪૭ | ૦.૫૯ | ૨.૫૧ | ૦.૦૫ |
| ૭ | સાહિત્યિક ધંધા | ૩૪.૭૩ | ૫.૮૨ | ૩૬.૧૭ | ૫.૨૬ | ૧.૪૪ | ૦.૫૯ | ૨.૪૩ | ૦.૦૫ |
| ૮ | સંગીતના ધંધા | ૩૩.૮૬ | ૫.૮૭ | ૩૫.૭૯ | ૫.૧૩ | ૧.૯૩ | ૦.૫૯ | ૩.૨૮ | ૦.૦૧ |
| ૯ | કારકુની ધંધા | ૩૪.૬૭ | ૬.૨ | ૩૪.૯૯ | ૫.૧૩ | ૦.૩૨ | ૦.૬૧ | ૦.૫૩ | સાર્થક નથી. |
| ૧૦ | સમાજિક સેવાના ધંધા | ૩૪.૭૬ | ૫.૮૧ | ૩૫.૩૫ | ૫.૪૨ | ૦.૫૯ | ૦.૬ | ૦.૯૮ | સાર્થક નથી. |

સારણી ૧ પરથી કહી શકાય કે વ્યાવસયિક અભિરૂચિના દસ વ્યવસાયોમાં ખુલ્લી જગ્યા, વૈજ્ઞાનિક ધંધા, કારકુની ધંધા અને સામાજિક સેવાના ધંધા જેવા ક્ષેત્રોમાં છોકરાઓ અને છોકરીઓના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો નથી. જ્યારે યાંત્રિક ધંધા, ગણતરીવાળા ધંધા, સમજાવટ કરવાના ધંધા, કલાત્મક ધંધા અને સાહિત્યિક ધંધા જેવા ક્ષેત્રોમાં છોકરાઓ અને છોકરીઓના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળે છે. યાંત્રિક ધંધા, ગણતરીવાળા ધંધા, સમજાવટ કરવાનાં ધંધા અને સાહિત્યિક ધંધાના ક્ષેત્રોમાં છોકરાઓ કરતાં છોકરીઓના ગુણ સાર્થક રીતે ઊંચા છે. એટલે કે યાંત્રિક ધંધા, ગણતરીવાળા ધંધા, સમજાવટ કરવાના ધંધા, કલાત્મક ધંધા અને સાહિત્યિક ધંધામાં છોકરાઓ કરતાં છોકરીઓ વધારે પ્રબળ છે. સંગીતના ધંધા ક્ષેત્રોમાં છોકરાઓ અને છોકરીઓના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળે છે. સંગીતના ધંધામાં છોકરીઓની સરાસરી છોકરાઓ કરતાં ઊંચી છે. આથી આ ક્ષેત્રોમાં છોકરાઓ કરતાં છોકરીઓ અગ્રેસર છે.

ક્રાંતિક ગુણોતરની df=∞ આગળની સારણીયન કિંમત ૦.૦૫ કક્ષાએ અને ૦.૦૧ કક્ષાએ અનુક્રમે ૧.૯૬ અને ૨.૫૮ છે. અહી યાંત્રિક ધંધા, ગણતરીવાળા ધંધા, સમજાવટ કરવાના ધંધા, કલાત્મક ધંધા અને સાહિત્યિક ધંધા ક્ષેત્રો માટે

ક્રાંતિક ગુણોતરની ગણેલી કિંમત ૦.૦૫ કક્ષાની સારણીયન કિંમત કરતાં વધુ છે. આથી આ વ્યવસાયોમાં $Ho_1$ નો અસ્વીકાર થાય છે. વળી, સંગીતના ધંધા ક્ષેત્રો માટે ક્રાંતિક ગુણોત્તરની ગણેલી કિંમત ૦.૦૧ કક્ષાની સારણીયન કિંમત કરતાં વધુ છે. આથી આ વ્યવસયોમાં $Ho_1$ નો અસ્વીકાર થાય છે. જયારે બાકીના વ્યવસાયો ૧,૪,૯ અને ૧૦ ક્ષેત્રો માટે ક્રાંતિક ગુણોતરની ગણેલા કિંમત ૦.૦૫ કક્ષાની સારણીયન કિંમત કરતાં ઓછી છે. આથી $Ho_1$ નો સ્વીકાર થાય છે.

**સારણી ૨: વિસ્તારના સંદર્ભમાં વિદ્યાર્થીઓનાં વ્યાવસાયિક અભિરૂચિ સંશોધિનીના વિવિધ વ્યવસાયો પરના પ્રાપ્તાંકોનાં સરાસરી, પ્રમાણ વિચલન, પ્રમાણભૂલ અને ક્રાંતિક ગુણોતરની માહિતી**

| ક્રમ | ક્ષેત્ર | ગ્રામ્ય | | શહેરી | | સરાસરીનો તફાવત | પ્રમાણભૂલ | ક્રાંતિક ગુણોતર | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરાસરી વિચલન | પ્રમાણ વિચલન | સરાસરી વિચલન | પ્રમાણ વિચલન | | | | |
| ૧ | ખુલ્લી જગ્યા | ૩૫.૨ | ૫.૯૬ | ૩૫.૧૩ | ૬.૧૫ | ૦.૦૭ | ૦.૬૬ | ૦.૧૧ | સાર્થક નથી. |
| ૨ | યાંત્રિક ધંધા | ૩૪.૭૩ | ૬.૨૧ | ૩૪.૦૫ | ૬.૫૩ | ૦.૬૮ | ૦.૬૯ | ૦.૯૮ | સાર્થક નથી. |
| ૩ | ગણતરીવાળા ધંધા | ૩૪.૯૪ | ૫.૭૪ | ૩૫.૧૧ | ૫.૮૨ | ૦.૧૭ | ૦.૬૨ | ૦.૨૭ | સાર્થક નથી. |
| ૪ | વૈજ્ઞાનિક ધંધા | ૩૪.૮૫ | ૫.૭૯ | ૩૫.૩ | ૬.૩૭ | ૦.૪૫ | ૦.૬૬ | ૦.૬૮ | સાર્થક નથી. |
| ૫ | સમજાવટ કરવાના ધંધા | ૩૪.૭૪ | ૫.૪૯ | ૩૪.૭૭ | ૫.૮૩ | ૦.૦૩ | ૦.૬૧ | ૦.૦૫ | સાર્થક નથી. |
| ૬ | કલામત્મક ધંધા | ૩૪.૭૭ | ૫.૩૩ | ૩૪.૪૨ | ૫.૭૨ | ૦.૩૫ | ૦.૬ | ૦.૫૮ | સાર્થક નથી. |
| ૭ | સાહિત્યિક ધંધા | ૩૫.૪૩ | ૫.૨૮ | ૩૫.૪૬ | ૫.૯૯ | ૦.૦૩ | ૦.૬૨ | ૦.૦૫ | સાર્થક નથી. |
| ૮ | સંગીતના ધંધા | ૩૪.૯૩ | ૫.૪૨ | ૩૪.૬૫ | ૫.૮૨ | ૦.૨૮ | ૦.૬૧ | ૦.૪૬ | સાર્થક નથી. |
| ૯ | કારકુની ધંધા | ૩૪.૭ | ૫.૭૩ | ૩૪.૮૮ | ૫.૬૧ | ૦.૧૮ | ૦.૬૧ | ૦.૨૯ | સાર્થક નથી. |
| ૧૦ | સમાજિક સેવાના ધંધા | ૩૪.૯૧ | ૫.૫૪ | ૩૫.૨૨ | ૫.૭૩ | ૦.૩૧ | ૦.૬૧ | ૦.૫૧ | સાર્થક નથી. |

સારણી ૨ પરથી ફલીત થાય છે કે વ્યાવસાયિક અભિરૂચિના દસ વ્યવસાયોમાં એકપણ વ્યવસાયની ક્રાંતિક ગુણોત્તરની કિંમત સાર્થક મળેલ નથી તેથી ઉત્કલ્પના $Ho_2$ નો સ્વીકાર થાય છે. આમ છતાં અહિં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની વચ્ચે જે કંઇ તફાવતો જોવા મળે છે તે આકસ્મિક છે. ઉપરોક્ત સારણી પરથી ફલીત થાય છે કે વલસાડની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના અભિરૂચિ સંશોધનિકાના વિવિધ વ્યવસાયો પરના રસ સમાન છે. એટલે કે વ્યાવસાયિક અભિરૂચિનો વ્યવસાયો પર વિસ્તારની કોઇ અસર જોવા મળતી નથી.

## ૧૧. તારણો

વ્યાવસાયિક અભિચિ સંશોધિનકા પરના વિવિધ વ્યવસાયોમાં વિદ્યાર્થીઓએ મેળવેલ પ્રાપ્તાંકોને આધારે તેનું વિશ્લેષણ અને તેનું અર્થઘટન કરવામાં આવ્યું હતું જે અંગે નીચે મુજબ તારણો પ્રાપ્ત થયા હતો.

૧. છોકરાઓ અને છોકરીઓની વ્યાવસાયિક અભિરૂચિ સંશોધિનીના વિવિધ વ્યવસાયો પૈકી ૨,૩, ૫, ૬, ૭ અને ૮ પર જાતિની સાર્થક અસર જોવા મળી હતી. જેના પરથી કહી શકાય કે વ્યાવસાયિક રસોના ક્ષે ડો- ગણતરીવાળા ધંધા, સમજાવટ કરવાનાં ધંધા, કલાત્મક ધંધા, સાહિત્યિક ધંધા અને સંગિતના ધંધા પર છોકરાઓ કરતાં છોકરીઓ વધુ રસ ધરાવતી હતી.

૨. ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં વ્યાવસાયિક સાર્થક અભિરૂચિના ૧૦ વ્યવસાયોમાંથી એકપણ વ્યવસાયમાં તફાવત જોવા મળ્યો ન હતો. એટલે કે વ્યાવસાયિક અભિરૂચિના વિવિધ વ્યવસાયોની પસંદગીમાં વિસ્તારની કોઇ અસર જોવા મળી ન હતી.

**સંદર્ભસૂચિ**


૧. પારેખ, બી.યુ. અને ત્રિવેદી એમ.ડી. (૧૯૯૪). શિક્ષણમાં આંકડાશાસ્ત્ર, ચોથી આવૃત્તિ) અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

૨. આચાર્ય, મોહિની (૨૦૦૮). શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર . અમદાવાદ, અક્ષર પબ્લિકેશન.

૩. નકશામાં ગુજરાત, (૧૯૯૧). અમદાવાદઃ ગુજરાત રાજય યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,

૪. પટેલ, દિનેશભાઈ તથા અન્યો. (૨૦૦૮),મનોવિજ્ઞાન અને શિક્ષણમાં માપન, અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી.

૫. મોલિયા, એમ. એસ. (૨૦૦૩),વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ,રાજકોટ અર્થગ્રાફીક્સ.

૬.Garroett, H.E. (1971), Statistics in Psychology and education, (6th Reprinted), Bombay: vakisfeffer and simons (p) Ltd.

૭. Oxford Advanced Learmers Dictionary, (1997). New York: Oxford university press.

૮. Sukhia, S.P. & P.V. Mehrotra & R.N. Mehrotra (1966). Elements of Educational Research. Bombay Allied Publishers Pvt. Ltd.

૯. Borg, WRL & Gall MD. (1983). Educational Research an Introduction, New York: Longman

૧૦. Fisher, A R. (1950). Statistical method for research worker, (oliver and boyd Ltd. Edinburgh)